1. "Indian Council of Agricultural Research" (ICAR) ક્યારે અસ્તિત્વમાં આવી ?
(A) 1936
(B) 1946
(C) 1905
(D) 1929
(E) Not Attempted

2. નીચેના પૈકી સાચી જોડણી કઈ છે ?
(A) સહાનુભુતિ
(B) સહાનૂભૂતી
(C) સહાનુભૂતી
(D) સહાનુભૂતિ
(E) Not Attempted

3. સંયોજકનો પ્રકાર લખો : 'સહુ બજાર તરફ જતા હતા પણ એ ઘર તરફ ચાલ્યો.'
(A) પરિણામવાચક
(B) શરતવાચક
(C) વિરોધવાચક
(D) સમુચ્ચયવાચક
(E) Not Attempted

4. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસનું નામ શું છે ?
(A) નામદાર જ. આર. સુભાષરેડ્ડી
(B) નામદાર જ. એ. એસ. દવે
(C) નામદાર જ. ભાસ્કર ભટ્ટાચાર્ય
(D) નામદાર જ. મુકેશ શાહ
(E) Not Attempted

5. નીચેનામાંથી શું સરકારનું અંગ નથી ?
(A) કારોબારી
(B) ન્યાયતંત્ર
(C) ધારાસભા
(D) સામાજિક સંસ્થાઓ
(E) Not Attempted

6. ગુજરાત સરકારે કયા મહાન નેતાની જન્મશતાબ્દી વર્ષને "ગરીબ કલ્યાણ વર્ષ" તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે ?
(A) સ્વામી ચીદાનંદજી મહારાજ
(B) પંડિત દીનદયાળ ઉપાધ્યાય
(C) સ્વામી વિવેકાનંદ
(D) શ્યામાપ્રસાદ મુખર્જી
(E) Not Attempted

7. દિનકરરાય વૈદ્યનું ઉપનામ શું છે ?
(A) ઈર્શાદ
(B) મીનપિયાસી
(C) દ્વિરેફ
(D) ઘનશ્યામ
(E) Not Attempted

8. ઈ.સ. 1922 માં 'ગુજરાત' માસિકનો પ્રારંભ કોણે કર્યો હતો ?
(A) સુરેશ જોશી
(B) રા. વિ. પાઠક
(C) ગાંધીજી
(D) કનૈયાલાલ મુનશી
(E) Not Attempted

9. __________ you work hard, you will lose.
(A) Unless
(B) Useless
(C) If
(D) If not
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

10. સમાસ ઓળખાવો : 'સત્યાગ્રહ'

(A) તત્પુરુષ

(B) દ્વિગુ

(C) દ્વન્દ્વ

(D) ઉપપદ

(E) Not Attempted

11. 'E-Governance' અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યની જમીનોની સંપૂર્ણ વિગતોની નોંધનું કમ્પ્યૂટિકરણ કરવા આવેલ છે અને જમીનોને લગતા પ્રમાણપત્રો અને દસ્તાવેજોનું નિર્માણ કમ્પ્યૂટરથી થાય છે. આ પ્રણાલીનું નામ શું છે ?

(A) ઈ-ધરા

(B) ઈ-વિકાસ

(C) ઈ-ખેડૂત

(D) ઈ-પ્રમાણ

(E) Not Attempted

12. He __________ to a higher position by the government.

(A) will promote

(B) has been promoted

(C) promotes

(D) promoted

(E) Not Attempted

13. વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલ છે ?

(A) જામનગર

(B) ભાવનગર

(C) નવસારી

(D) વલસાડ

(E) Not Attempted

14. એક કાટકોણ ત્રિકોણની બાજુઓ ક્રમિક ધન પૂર્ણાંકો હોય, તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 4

(B) 5

(C) 6

(D) 3

(E) Not Attempted

15. પહેલાંના સમયમાં કોઈ રાજા કે શાસક પોતાના શાસન વિષયક સિદ્ધિઓની વિગતો ધાતુ કે પથ્થર ઉપર કોતરાવતા હતા, આ કોતરેલાં લખાણોને શું કહેવામાં આવે છે ?

(A) અભિલેખો

(B) શાસ્ત્રલેખો

(C) ચિત્રલેખો

(D) હસ્તલેખો

(E) Not Attempted

16. __________ did you stay in Ambaji ?

(A) However

(B) How about

(C) How many

(D) How long

(E) Not Attempted

17. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા ?

(A) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય

(B) રવીન્દ્રનાથ ટાગોર

(C) શ્રીમદ્ રાજચંદ્ર

(D) શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે

(E) Not Attempted

18. સંખ્યાગણો માટે .......... સત્ય છે.

(A) $N \subset Z \subset W \subset Q \subset R$

(B) $N \subset Q \subset Z \subset W \subset R$

(C) $N \subset W \subset Z \subset Q \subset R$

(D) $N \subset Q \subset W \subset Z \subset R$

(E) Not Attempted



WWW.MARUGUJARAT.IN

19. રૂઢિપ્રયોગનો અર્થ લખો : 'ગડ બેસવી'

(A) કપડાંને ઈસ્ત્રી કરવી
(B) કરચલી પડવી
(C) ગડી પાડવી
(D) વાત સમજમાં આવવી
(E) Not Attempted

20. વિરોધી અર્થવાળો શબ્દ લખો : 'દેશ'

(A) આદેશ
(B) સુદેશ
(C) પરદેશ
(D) સ્વદેશ
(E) Not Attempted

21. $\frac{n}{2}(a + \ell) = \ldots\ldots\ldots.$

(A) $S_n$
(B) $T_{n-1}$
(C) $d$
(D) $T_n$
(E) Not Attempted

22. વિશેષણ શોધીને લખો : 'મોહન ચોથી અંગ્રેજીમાં પાસ થયો.'

(A) અંગ્રેજી
(B) ચોથી
(C) મોહન
(D) પાસ
(E) Not Attempted

23. કયું ખનિજ સમગ્ર એશિયામાં માત્ર ગુજરાતમાંથી જ મળે છે ?

(A) ડોલોમાઈટ
(B) અકીક
(C) બોક્સાઈટ
(D) ફ્લોરસ્પાર
(E) Not Attempted

24. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) ગલ્લો, ગર્જન, ગદ્ય, ગંધર્વ, ગંગોત્રી
(B) ગંગોત્રી, ગંધર્વ, ગદ્ય, ગર્જન, ગલ્લો
(C) ગર્જન, ગલ્લો, ગદ્ય, ગંગોત્રી, ગંધર્વ
(D) ગદ્ય, ગર્જન, ગલ્લો, ગંગોત્રી, ગંધર્વ
(E) Not Attempted

25. __________ only scripture she has read its 'the Gita'

(A) The
(B) No
(C) An
(D) A
(E) Not Attempted

26. ત્રિકોણના બધા જ બહિષ્કોણોના માપનો સરવાળો કેટલો થાય ?

(A) 720
(B) 540
(C) 180
(D) 360
(E) Not Attempted

27. રામનારાયણ પાઠકે કયા ઉપનામથી નિબંધો લખ્યા છે ?

(A) દ્વિરેફ
(B) સ્વૈરવિહારી
(C) વાસુકિ
(D) શેષ
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

28. ભારત સરકાર દ્વારા ₹ 500 અને ₹ 1000 ની જૂની નોટો ચલણમાંથી રદ કરેલ છે તેને અંગ્રેજીમાં શું કહેવામાં આવે છે ?

(A) Delimitation
(B) Derecognisation
(C) Denomination
(D) Demonetisation
(E) Not Attempted

29. ગુજરાતની સરકારી કચેરીઓ અને વિભાગોને કમ્પ્યૂટર નેટવર્કથી જોડતી પ્રણાલી GSWANનું આખું નામ શું છે ?

(A) Gujarat State Wireless Automated Network
(B) Gujarat State Wide Area Network
(C) Gujarat State Whole Area Network
(D) Gujarat State Wireless Area Net
(E) Not Attempted

30. નીચેના પૈકી કયા કવિએ ગુજરાતી સાહિત્યના પ્રમુખ તરીકે સેવા આપી નથી ?

(A) માધવ રામાનુજ
(B) રાજેન્દ્ર શાહ
(C) ઉશનસ્
(D) સ્નેહરશ્મિ
(E) Not Attempted

31. $\varnothing = .......... \{\varnothing\}$

(A) $\in$
(B) $\notin$
(C) $=$
(D) $\not\subset$
(E) Not Attempted

32. 'આંધળો સસરો ને સરંગટ વહુ' - નો સાહિત્યપ્રકાર જણાવો.

(A) ગીત
(B) પદ
(C) કાફી
(D) છપ્પા
(E) Not Attempted

33. ગુજરાત સરકારની કઈ યોજના અંતર્ગત રાજ્યના ગામોને 3-ફેઝ વીજ પુરવઠો ચોવીસ કલાક માટે પૂરો પાડવામાં આવે છે ?

(A) દીપક્રાંતિ યોજના
(B) ગ્રામ ઉજાલા યોજના
(C) ગ્રામ વીજક્રાંતિ યોજના
(D) જ્યોતિગ્રામ યોજના
(E) Not Attempted

34. ચાર ભિન્ન અસમરેખ બિંદુઓ વધુમાં વધુ કેટલી રેખાઓ નિશ્ચિત કરે છે ?

(A) ચાર
(B) છ
(C) એક
(D) બે
(E) Not Attempted

35. ભીમબેટકાની ગુફાઓ ક્યાં આવેલી છે ?

(A) મહારાષ્ટ્ર
(B) ઓરિસ્સા
(C) મધ્યપ્રદેશ
(D) બિહાર
(E) Not Attempted

QUE. BOOKLET NO. 2011703 SEAL SEAL SEAL

WWW.MARUGUJARAT.IN

QUE. BOOKLET NO. 2011703 SEAL SEAL SEAL

45. બંધારણ પ્રમાણે નીચેનામાંથી કયો મૂળભૂત હક્ક નથી ?

(A) મિલકતના હક્કો
(B) સ્વતંત્રતાનો હક્ક
(C) સમાનતાનો હક્ક
(D) ધાર્મિક સ્વતંત્રતાનો હક્ક
(E) Not Attempted

46. નિપાત લખો : 'તમારે માત્ર મૌન રહેવાનું છે.'

(A) તમારે
(B) રહેવાનું
(C) માત્ર
(D) મૌન
(E) Not Attempted

47. __________ the little kids play in the garden.

(A) Lets
(B) Let
(C) Allow
(D) Let's
(E) Not Attempted

48. The pollution is increasingly __________ a major issue.

(A) is becoming
(B) becoming
(C) becomes
(D) became
(E) Not Attempted

49. ચૂંટણીમાં મતદાન કરવા માટેનું ઓળખપત્ર આપવા માટે કોણ અધિકૃત છે ?

(A) ભારતીય ચૂંટણી પંચ
(B) તાલુકા વિકાસ અધિકારી
(C) પુરવઠા અધિકારી
(D) પોલીસ કમિશ્નર
(E) Not Attempted

50. 'FDI' શબ્દ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?

(A) વિદેશી હૂંડિયામણ
(B) વિદેશી નિકાસ
(C) વિદેશી સંરક્ષણ
(D) વિદેશી રોકાણ
(E) Not Attempted

51. અલંકાર ઓળખાવો : 'તે હરિણીની જેમ ત્યાંથી નાસી ગઈ.'

(A) રૂપક
(B) અનન્વય
(C) ઉપમા
(D) ઉત્પ્રેક્ષા
(E) Not Attempted

52. વિરોધી અર્થવાળો શબ્દ લખો : 'આસ્તિક'

(A) નાસ્તિક
(B) સ્વસ્તિક
(C) પ્રાસ્તાવિક
(D) વાસ્તવિક
(E) Not Attempted

53. છંદ ઓળખાવો : 'બચ્યા થોડા શ્વાસો, યમ, નવ થશે આમ અથરો.'

(A) મંદાક્રાન્તા
(B) વસંતતિલકા
(C) પૃથ્વી
(D) શિખરિણી
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

54. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકેલ "ચિરંજીવી યોજના" અંતર્ગત કયો ખર્ચ સરકાર પોતે ઉપાડે છે ?

(A) પ્રસૂતિ સમયનો
(B) બાળકોના ભોજનનો
(C) ખેતીમાં નુકસાનનો
(D) ટ્રેક્ટર ખરીદવાનો
(E) Not Attempted

55. રૂઢિપ્રયોગનો અર્થ લખો : 'ગગનમાં ઊડવું'

(A) ઉતાવળ કરવી
(B) ફુલાવું
(C) શક્ય કામ કરવું
(D) પક્ષી બનવું
(E) Not Attempted

56. The situation here is __________ other areas.

(A) worst as
(B) worse than
(C) good as
(D) bad as
(E) Not Attempted

57. Ram and I __________ reading now.

(A) was
(B) are
(C) am
(D) is
(E) Not Attempted

58. વિશેષણ લખો : 'વલ્લભભાઈ લોખંડી પુરુષ હતા.'

(A) લોખંડી
(B) હતા
(C) વલ્લભભાઈ
(D) પુરુષ
(E) Not Attempted

59. સંધિ લખો : 'પરિણત'

(A) પરિ + નત
(B) પરી + ણત
(C) પરી + નત
(D) પરિ + ણત
(E) Not Attempted

60. રાજ્ય સરકારની કઈ યોજના હેઠળ ગ્રામવાસીઓ એકઠા મળી પોતાનામાંથી સર્વસંમતિથી ગ્રામપંચાયતના વહીવટ માટે પ્રતિનિધિઓ નક્કી કરે છે જેના થકી ગ્રામપંચાયતોની ચૂંટણી વ્યાપક સમજૂતીથી બિનહરિફ રીતે અને સર્વસંમતિથી થાય છે ?

(A) સમરસ ગ્રામ યોજના
(B) સંવાદ ગ્રામ યોજના
(C) વિશ્વ ગ્રામ યોજના
(D) આદર્શ પંચાયત યોજના
(E) Not Attempted

61. ₹ 1500 નું 6% લેખે સાદા વ્યાજે 8 માસનું વ્યાજમુદ્દલ કેટલું થાય ?

(A) ₹ 1560
(B) ₹ 1580
(C) ₹ 60
(D) ₹ 80
(E) Not Attempted

62. પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે તેનાથી શું થાય છે ?

(A) ધરતીકંપ
(B) ઋતુઓ
(C) દિવસ
(D) રાત
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

63. 'અંધારી અમાસના દીવા'ના લેખક કોણ છે ?

(A) સાંકળચંદ પટેલ
(B) યશવન્ત મહેતા
(C) શ્રદ્ધા ત્રિવેદી
(D) ફિલિપ ક્લાર્ક
(E) Not Attempted

64. "રાષ્ટ્રિય ખેલ દિન" કયા ભારતીય ખેલાડીની યાદમાં મનાવવામાં આવે છે ?

(A) પટૌડી
(B) સી. કે. નાયડુ
(C) જયપાલસિંહ
(D) મેજર ધ્યાનચંદ
(E) Not Attempted

65. નિપાત લખો : 'તમે સામાન આપી દો ને.'

(A) તમે
(B) આપી
(C) દો
(D) ને
(E) Not Attempted

66. વર્ષ 2016માં મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓનલાઈન રાષ્ટ્રિય કૃષિ બજારનો પ્રારંભ કરવામાં આવ્યો એ ઈન્ટરનેટ પ્લેટફોર્મ / પોર્ટલનું નામ શું છે ?

(A) ઈ-કોમર્સ
(B) ઈ-મંડિ
(C) ઈ-બજાર
(D) ઈ-નામ
(E) Not Attempted

67. 'ડીજીટલ પેમેન્ટ' માટે ઉપયોગમાં લેવાતું મશીન ?

(A) POS
(B) PSU
(C) PCO
(D) PUC
(E) Not Attempted

68. One should drive __________ in the crowded areas.

(A) slowed
(B) slew
(C) slowly
(D) slow
(E) Not Attempted

69. $(3^4)^2 \div 3^{2^3} = ..........$

(A) $3^2$
(B) $3^{10}$
(C) 0
(D) 1
(E) Not Attempted

70. અલંકાર ઓળખાવો : 'ફૂલના જાણે શોભે ગાલીચા અહીં.'

(A) વ્યાજસ્તુતિ
(B) ઉત્પ્રેક્ષા
(C) ઉપમા
(D) શ્લેષ
(E) Not Attempted

71. Big B's films have been acclaimed __________ .

(A) globally
(B) glob
(C) globalized
(D) global
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

72. __________ students attended the event.

(A) Little
(B) Much
(C) A few
(D) A little
(E) Not Attempted

73. જિલ્લા પંચાયતના પ્રમુખની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે ?

(A) જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા તેમના પોતાનામાંથી
(B) પંચાયત વિભાગના મંત્રીશ્રી દ્વારા
(C) મતદારો દ્વારા સીધી ચૂંટણીથી
(D) મુખ્યમંત્રી દ્વારા
(E) Not Attempted

74. કહેવતનો અર્થ લખો : 'દુ:ખનું ઓસડ દહાડા'

(A) દુ:ખ જોઈ દયાની લાગણી થવી.
(B) સમય જતાં દુ:ખ ઘટતું જાય છે.
(C) સમય જતાં દુ:ખ વધે છે.
(D) ઓસડ પીવાથી દુ:ખ ઘટે છે.
(E) Not Attempted

75. ભારતને આર્થિક રીતે સ્વાવલંબિત કરવા 'Make in India'નું સૂત્ર આપનાર પ્રધાનમંત્રી.

(A) મા. શ્રી મનમોહનસીંઘ
(B) મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) મા. શ્રી અટલબિહારી વાજપેયી
(D) મા. શ્રી દેવગોડા
(E) Not Attempted

76. __________ you put on a new dress yesterday ?

(A) Did
(B) Done
(C) Do
(D) Does
(E) Not Attempted

77. $\Delta$ DEF ~ $\Delta$ PQR છે. જો DE + DF = 12 તથા PQ + PR = 15 હોય અને EF = 20 હોય, તો QR = .......... .

(A) 25
(B) 30
(C) 8
(D) 16
(E) Not Attempted

78. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'દિશાઓ ધૂળથી પુરાઈ જાય એવું સખત વાવાઝોડું'

(A) વડવાનલ
(B) ત્સુનામી
(C) આંધી
(D) પવન
(E) Not Attempted

79. જો $\sin A = \frac{1}{\sqrt{10}}$ હોય, તો $\cos A$ = .......... .

(A) $\sqrt{10}$
(B) 1
(C) $\frac{3}{\sqrt{10}}$
(D) $\frac{\sqrt{10}}{3}$
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

80. નીચેના પૈકી કયું જોડકું સમાનાર્થી શબ્દ દર્શાવતું નથી ?

(A) દ્યો - આકાશ
(B) સૂર્ય - સવિતા
(C) નિશા - શર્વરી
(D) વાસવ - વસ્ત્ર
(E) Not Attempted

81. One of __________ options is incorrect.

(A) the
(B) this
(C) an
(D) a
(E) Not Attempted

82. વડાપ્રધાનશ્રીના સત્તાવાર નિવાસસ્થાન "7, રેસકોર્સ માર્ગ"ને હવે કયું નામ આપવામાં આવેલ છે ?

(A) 7, શક્તિ માર્ગ
(B) 7, લોકકલ્યાણ માર્ગ
(C) 7, લોકસેવા માર્ગ
(D) 7, લોકહિત માર્ગ
(E) Not Attempted

83. ગુજરાત રાજ્યમાં 'દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના' કયા ક્ષેત્રના લોકોની / કારીગરોની સહાય માટે અમલમાં છે ?

(A) હાથશાળ અને હસ્તકલા
(B) મત્સ્ય ઉદ્યોગ
(C) ખેતીવાડી
(D) પશુ ઉદ્યોગ
(E) Not Attempted

84. સંધિ લખો : 'પૃથક્ + જન'

(A) પૃથકજન
(B) પૃથ્થકજન
(C) પૃથક્કજન
(D) પૃથગ્જન
(E) Not Attempted

85. 6000 પાઉચ બનાવતાં મોહનને 10 કલાક અને રોહનને 15 કલાક લાગે છે. બંને સાથે મળીને 6000 પાઉચ બનાવે છે. તો તેમનો સંયુક્ત કામનો દર કેટલો થાય ?

(A) 400 પાઉચ / કલાક
(B) 600 પાઉચ / કલાક
(C) 1000 પાઉચ / કલાક
(D) 500 પાઉચ / કલાક
(E) Not Attempted

86. NDDB નું પૂરું નામ શું છે ?

(A) National Dairy Development Bank
(B) National Dairy Deposit Bank
(C) National Dairy Development Board
(D) National Defence Development Board
(E) Not Attempted

87. ક્રાંતિકારી શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનું નિધન ક્યાં થયું હતું ?

(A) જીનીવા
(B) પોરબંદર
(C) લંડન
(D) માંડવી
(E) Not Attempted

88. ભારતમાં "અશોક ચક્ર" કયા ક્ષેત્રનો સૌથી ઉચ્ચ ઍવૉર્ડ છે ?

(A) કલા
(B) વિજ્ઞાન
(C) સૈન્ય
(D) સાહિત્ય
(E) Not Attempted

89. પૃથ્વીના જે વિભાગમાં સૂર્યના સીધાં કિરણો પડે છે તે વિભાગને શું કહેવામાં આવે છે ?

(A) મહાદ્વીપ
(B) ઉષ્ણ કટિબંધ
(C) શીત કટિબંધ
(D) રણપ્રદેશ
(E) Not Attempted

90. છંદ ઓળખાવો : 'પત્રો પાનખરે ખરી જયમ પડે તે રીત દાદા તણા.'

(A) શાર્દૂલવિક્રીડિત
(B) હરિગીત
(C) ચોપાઈ
(D) મનહર
(E) Not Attempted

91. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) વસ્તુ, વર્ણ્ય, વ્યક્ત, વ્રત, વાદ્ય
(B) વસ્તુ, વ્રત, વર્ણ્ય, વ્યક્ત, વાદ્ય
(C) વર્ણ્ય, વસ્તુ, વાદ્ય, વ્યક્ત, વ્રત
(D) વ્રત, વ્યક્ત, વસ્તુ, વર્ણ્ય, વાદ્ય
(E) Not Attempted

92. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'બારણું અંદરથી બંધ રાખવાનો લાંબો આડો દંડ'

(A) દરવાજો
(B) મોભ
(C) ભૂંગળ
(D) ઝાંપો
(E) Not Attempted

93. $\frac{5}{2}x - 7$ માં ચલનો ઘાતાંક .......... છે.

(A) 7
(B) 1
(C) 5
(D) $\frac{5}{2}$
(E) Not Attempted

94. નીચેના પૈકી કોને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો છે ?

(A) ગિજુભાઈ બધેકા
(B) જગદીશ ભટ્ટ
(C) ઈશ્વર પરમાર
(D) સાં. જે. પટેલ
(E) Not Attempted

95. રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગુજરાતના ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કયો ઍવૉર્ડ આપવામાં આવે છે ?

(A) શ્રી રવિશંકર રાવળ ઍવૉર્ડ
(B) એકલવ્ય ઍવૉર્ડ
(C) શ્રી મગનભાઈ દેસાઈ ઍવૉર્ડ
(D) જયભિખ્ખુ ઍવૉર્ડ
(E) Not Attempted

96. દુનિયાની સૌથી ઊંચી હાયબ્રીડ પવનચક્કી ગુજરાતમાં કયા વિસ્તારમાં કાર્યરત છે ?

(A) નર્મદા
(B) દહેજ
(C) કચ્છ
(D) સૌરાષ્ટ્ર
(E) Not Attempted

WWW.MARUGUJARAT.IN

97. સંખ્યા log 0.1387 નો પૂર્ણાંશ .......... છે.

(A) 1
(B) –1
(C) 0
(D) –2
(E) Not Attempted

98. ત્રણ મિત્રોની ઉંમરનો સરવાળો $a$ વર્ષ પહેલાં $b$ વર્ષ હતો, તો હાલમાં તેમની ઉંમરનો સરવાળો કેટલા વર્ષ થાય ?

(A) $3b - a$
(B) $3a - b$
(C) $3a + b$
(D) $a + 3b$
(E) Not Attempted

99. નીચેના પૈકી સાચી જોડણી કઈ છે ?

(A) સુનમુન
(B) સુનમૂન
(C) સૂનમુન
(D) સૂનમૂન
(E) Not Attempted

100. કહેવતનો અર્થ લખો : 'વાતનું વતેસર કરવું'

(A) વાતને જેવી છે તેવી રજૂ કરવી
(B) વાતને વખતસર રજૂ કરવી
(C) નાની વાતને મોટું સ્વરૂપ આપવું
(D) વાતનું વાવેતર કરવું
(E) Not Attempted

• • •

WWW.MARUGUJARAT.IN